## તમે શું કરી શકો છો?

1. **ચિહ્નોનું જ્ઞાન મેળવો.** અમારા સૂચન કરનાર કાર્ડસનો ઓર્ડર આપો, આ અનુકૂળ પાકીટના કદના કાર્ડસ 17 ભાષાઓમાં ઉપલબ્ધ છે જે મહત્વના ચિહ્નો દર્શાવે છે. તમારા સ્થાનિક વિસ્તારમાં એવા લોકોને તમે આ કાર્ડસની વહેંચણી કરી શકો છો કે જે ભોગ બનતા લોકોના સંપર્કમાં આવી શકતા હોય. વધુ માહિતી અહીં મેળવોઃ *www.dhs.gov/bluecampaign.*

2. **મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરનારની જાણ કરવાની ખાસ રીત.**
   **શંકાજનક રીતે મનુષ્યોનો ગેરકાયદેસર વેપારની પ્રવૃત્તિ કરનારની જાણ કરવા અથવા કાનૂનનું પાલન કરાવતી સરકારી સંસ્થા પાસેથી મદદ મેળવવા માટે, 1-866-347-2423 નંબર પર ફોન કરો અથવા વેબસાઇટ www.ice.gov/tips પર ઑન-લાઈન માહિતી નોંધાવો.**

   દુનિયાભરના લોકો શંકાજનક ગુનાહિત પ્રવૃત્તિની જાણ હોમલેન્ડ સિક્યુરિટી ઇન્વેસ્ટિગેટર્સની (HSI) ટિપલાઇનને દિવસના 24 કલાક, અઠવાડિયાના 7 દિવસ, વર્ષના દરેક દિવસે કરી શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે **802-872-6199** બર પર ફોન કરીને ટિપલાઇન સુધી પહોંચી શકાય છે. HSI દ્વારા લાગુ કરવામાં આવેલા મનુષ્યોનો ગેરકાયદેસર વેપારની પ્રવૃત્તિને અટકાવતા કાયદાઓ સહિત, 400થી વધારે કાયદાઓ વિષયક અહેવાલો જાહેર જનતા અને કાયદો લાગુ કરતી સંસ્થાઓ, બંને પાસેથી ઉચ્ચતમ તાલીમબદ્ધ નિષ્ણાતો લેતા હોય છે.

   **નેશનલ હ્યુમન ટ્રાફિકીંગ રિસોર્સ સેન્ટરને (NHTRC) 1-888-373-7888 નંબર પર ફોન કરોઃ**
   - મદદ મેળવવા અને તમારા વિસ્તારમાં સેવા આપનાર સાથે જોડાવવા;
   - સંભવિત રીતે મનુષ્યના ગેરકાયદેસર વેપાર કરનારની પ્રવૃત્તિની માહિતી પૂરી પાડવા; અથવા
   - તાલીમ, વ્યાવસાયિક સહાયતા, કે સંસાધનોની માગણી કરીને વધુ માહિતી મેળવવા.

   NHTRC એક એવી રાષ્ટ્રીય હોટલાઇન છે કે જેનો સંપર્ક દેશની કોઈ પણ જગ્યાએથી, દિવસના 24 કલાક ફોન કૉલ્સના જવાબ મેળવવા માટે વિના મૂલ્યે કરી શકાય છે અને તેનું સંચાલન એક બિન-સરકારી સંસ્થા કરે છે.

3. **પોતાની જાતને અને પોતાના સમુદાયને શિક્ષિત બનાવો.** મનુષ્યના ગેરકાયદેસર વેપાર કરનાર અને તમારે માહિતગાર રહેવું જોઈએ તેવા અન્ય સૂચકો વિશે વધુ માહિતી મેળવવા અમારી મફત, ક્રિયાપ્રતિક્રિયા કરતી ઓનલાઇન તાલીમ મેળવો, અને તમે જાણતા હો તેવી વ્યક્તિઓને તાલીમ લેવા માટે કહો. વેબસાઇટ જુઓઃ *www.dhs.gov/bluecampaign.*

4. **માહિતીનો ફેલાવો કરો!** અમારા Blue Campaign (બ્લૂ કેમ્પેઇન) અને અન્ય ઘણાં ઉપલબ્ધ કાર્યક્રમો વિશે સાથીઓને, કુટુંબીજનોને અને રસ ધરાવતી કોઈ પણ વ્યક્તિને જાણ કરો. માહિતી અહીં ઉપલબ્ધ છેઃ *www.dhs.gov/bluecampaign.*

5. **Blue Campaign (બ્લૂ કેમ્પેઇન) વેબસાઇટ જુઓ.** મનુષ્યોના ગેરકાયદેસર વેપારનો અંત લાવવાની લડતમાં તમે કેવી રીતે જોડાઈ શકો તેને લગતી વધુ તાલીમ અંગેની માહિતી, માહિતીના પ્રસારણની સામગ્રીઓ, ભોગ બનનારની સહાયતા માટેની સામગ્રીઓ માટે વેબસાઇટ જુઓઃ *www.dhs.gov/bluecampaign.* ફેસબુક પર અમને પસંદ કરો, "Like": *www.facebook.com/bluecampaign.* અથવા, *BlueCampaign@hq.dhs.gov* પર અમારો સંપર્ક કરોઃ *BlueCampaign@hq.dhs.gov.*

વિક્ટિમ
આઇડેન્ટિફિકેશન
એનજીઓ,
ફેઇથ બેઝ્ડ ગ્રુપ



# તમે શું કરી શકો છો?

*મનુષ્યના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારને ઓળખી કાઢીને સંદિગ્ધ કેસો નોંધાવવા*

BLUE CAMPAIGN
One Voice. One Mission. End Human Trafficking.™

## તમે શું કરી શકો છો?

*મનુષ્યના વેપારનો ભોગ બનનારને ઓળખી કાઢીને સંદિગ્ધ કેસો નોંધાવવા*

### ભોગ બનનારાઓને સરળતાથી ઓળખી શકાય છે.

શિક્ષકો, નર્સો, સામાજીક કાર્યકરો, ધાર્મિક આગેવાનો અને બિન-સરકારી સંસ્થાઓ (NGOs) સમાજના સભ્યો હોય છે અને તેઓને મનુષ્યોના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓનો ભેટો થવાની શક્યતા છે – અને તેઓને ઓળખીને તેમને મદદરૂપ થવાની શક્યતા રહેતી હોય છે. તમારે મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓના ભોગ બનેલાઓ ના ચિહ્નો અને સૂચકો વિશે જાણવું જોઈએ. આવા ભોગ બનનારાઓને ઓળખી કાઢવામાં અને મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓને કાયદાની કાર્યવાહી હેઠળ લાવવામાં તમારું આ પહેલું પગલું બને છે, જે તમારા સમાજને સુરક્ષિત રાખવામાં મદદ કરી શકે છે.

### મનુષ્યોના ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓ આપણા સમાજમાં જોવા મળે છે

### તેઓ યુ.એસ. નાગરિકો સહિતના કોઈ પણ ઉંમરના, જાતિના, લિંગ(પુરુષ અથવા સ્ત્રી) કે રાષ્ટ્રીયતાના હોઈ શકે છે

તેઓ કાયદેસર કાયમી વસવાટ સ્થિતિ ધરાવતા હોઈ કે ના પણ હોઈ શકે. ભોગ બનનારાઓ કાયદેસર અને ગેરકાયદેસર બંને મજૂર ક્ષેત્રોમાં જોવા મળતા હોય છે; કેટલાકને સારા પગારની નોકરીઓ, કે પ્રેમ જેવા ખોટા વચનોની લાલચ આપવામાં આવતી હોય છે. તેઓ દેવસ્થાનો, શાળાઓ, ઘરો, હોટલો, રેસ્ટોરેંટ, બાંધકામ સ્થળો, ખેતરો, બસ અને ટ્રેઇન સ્ટેશનો, એરપોર્ટ, આડોશ-પડોશના બગીચાઓ, ટ્રક સ્ટોપ્સ અને હાઇવે પરના વિશ્રામ સ્થાનો જેવી જગ્યાઓએ; અથવા મસાજ પાર્લરો, બાર અને સ્ટ્રિપ ક્લબોમાં જોવા મળી શકે છે. ઘણી વાર, તેઓ પર ઘરેલું ગુલામી, ખેતર કે ફેક્ટરી મજૂર, અથવા અન્ય પ્રકારના બળજબરી પૂર્વકના મજૂર, કે વાણિજ્યક જાતીય સંબંધ બાંધવાનું (વેશ્યાવૃત્તિ કરવાનું) દબાણ કે જબરદસ્તી કરવામાં આવે છે. સરકારના કાયદા હેઠળ, વાણિજ્યક જાતીય સંબંધ બાંધવામાં સંડોવાતી દરેક સગીર વ્યક્તિ મનુષ્યોના ગેરકાયદેસર વેપારનો ભોગ બનેલી હોય છે.

### મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ કેવી રીતે કાર્ય કરતા હોય છે

મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ નજીવી કે બિલકુલ સામાજીક સુરક્ષા ન ધરાવતા લોકોનો શિકાર કરતા હોય છે. તેઓ આર્થિક તંગી, ઘરેલું હિંસા, કુદરતી આપત્તિઓ, કે રાજકીય અસ્થિરતા જેવા વિવિધ કારણોસર નબળા હોય તેવા લોકોને શોધતા હોય છે. મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ લોકોને ફસાવવા અને ગુલામ બનાવવા માત્ર હિંસા કે હિંસાનો ડર જ નહિ, પણ માનસિક જુલમ સહિતની વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે. આ આઘાત એટલો જબરદસ્ત હોઈ શકે છે કે ઘણાં લોકો પોતાને ભોગ બનનાર તરીકે ન પણ ગણે અથવા તો જાહેરમાં બહુ ભીડ હોય તો પણ મદદ મેળવવા માટે ન કહે.

મનુષ્યોનો ગેરકાયદેસર વેપાર કરનારાઓ ઘણી વાર નેચે દર્શાવેલા કાર્યો કરી ને પોતાનું કામ ચલાવતા હોય છેઃ

- હિંસક બનીને કે વ્યક્તિ અથવા તો વ્યક્તિના કુટુંબીજનોને ભયભીત કરીને;
- વ્યક્તિની મૂળભૂત જરૂરિયાતોને હાનિ કરીને કે તેનાથી વંચિત કરીને, જેમ કે ખોરાક, પાણી, કે ઊંઘ;
- પ્રેમ કે સાથ નિભાવવાનું ખોટું વચન આપીને;
- સારી નોકરી અને ઘર અપાવવાનું ખોટું વચન આપીને;
- ભોગ બનનારને ધાર્મિક કાર્યોમાં ભાગ લેતા અટકાવીને;
- મિત્રો કે કુટુંબ સાથેના સંપર્કમાં નિયંત્રણ લાદીને;
- હેરફેરની સ્વતંત્રતા મર્યાદિત કરીને;
- વ્યક્તિના ઓળખ દસ્તાવેજો પર કાબૂ લાવીને;
- દેશનિકાલ કરાવવાની કે કાયદો લાગુ કરવાની કાર્યવાહી કરવાની ધમકી આપીને; અને/અથવા
- આરોપ મૂકેલું ઋણ ચૂકવવા વ્યક્તિના પગારમાં કલ્પિત ઉમેરો કરીને.

### મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરવાના ચિહ્નો

ગેરકાયદેસર વેપારનો ભોગ બનનારાઓને ઓળખીને અને સંલગ્ન માહિતીની જાણ કરીને, તમે ભોગ બનનારાઓને કાયદો લાગુ કરનાર દ્વારા બચાવવામાં મદદ કરો છો અને આ રીતે તમે કોઈનું જીવન બચાવી શકો છો. ભોગ બનનારાઓ પોતાની સ્વતંત્રતા અને ગૌરવ પાછું મેળવે તે માટે તમે તેઓને અપાતી સેવાઓ જેવી કે તબીબી અને માનસિક આરોગ્ય સંભાળ, આશ્રય સ્થાન, કામની તાલીમ અને કાનૂની સહાયતા આપતી સેવાઓ સાથે તેઓનો સંપર્ક કરાવી શકો છો. તમારી સુરક્ષા તેમજ ભોગ બનનારની સુરક્ષા મહત્વની હોય છે. કોઈ પણ સમયે સીધેસીધા શંકાશીલ ગેરકાયદેસર વેપાર કરનારની સામે થવાનો કે ભોગ બનનારને તમારી શંકાઓ જણાવીને ચેતવવાનો પ્રયત્ન કરશો નહીં. કોઈ પણ સૂચક અથવા સાક્ષી ની હાજરી કે ગેરહાજરી મનુષ્યનો ગેરકાયદેસર વેપાર કરનારનો પુરાવો બને તે જરૂરી નથી. મનુષ્યનો ગેરકાયદેસર વેપાર થવાના શંકાશીલ કિસ્સાઓની તપાસ કરવી એ કાયદો લાગુ કરનારાઓ માટેની બાબત છે.

- શું વ્યક્તિ કુટુંબ, મિત્રો, સામુદાયિક સંસ્થાઓ કે ધર્મસ્થાનથી અલગ થઈ ગયો હોવાનું જણાય છે?
- શું બાળકે શાળાએ જવાનું બંધ કર્યું છે?
- શું વ્યક્તિની વર્તણૂકમાં અચાનક અથવા નાટકીય કોઈ ફેરફાર જોવા મળ્યો છે?
- શું વ્યક્તિ વાણિજ્યક જાતીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્તમય કિશોર વયની છે?
- શું વ્યક્તિ આત્મવિસ્મૃતિ થયેલ કે ગૂંચવાયેલ અથવા માનસિક કે શારીરિક અત્યાચારના ચિહ્નો બતાવે છે?
- શું વ્યક્તિના શરીર પર ઉઝરડાના રુઝાવાના વિવિધ તબક્કાઓ ના નિશાન છે?
- શું વ્યક્તિ ભયભીત, કાયર કે તાબે થનારો છે?
- શું વ્યક્તિ પોતાને ખોરાક, પાણી, ઊંઘ કે તબીબી સંભાળ લેવાની મનાઈ ફરમાવી હોય તેવા ચિહ્નો બતાવે છે?
- શું વ્યક્તિ ઘણી વાર કોઈને અધીન હોય તેવી વ્યક્તિના સંગાથમાં હોય છે? અથવા પરિસ્થિતિ નિયંત્રણમાં રાખતી હોય તેવી કોઈ વ્યક્તિના સંગાથમાં, દા.ત. તેઓ ક્યાંક જતા હોય અથવા કોઈ સાથે વાત કરતા હોય?
- શું વ્યક્તિએ શું કહેવું તેવી તાલીમ મેળવેલી હોય તેવું જણાય છે?
- શું વ્યક્તિ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં રહે છે?
- શું વ્યક્તિની કોઈ અંગત વસ્તુઓની ઉણપ દેખાય છે અને તે સ્થિર રીતે જીવન ન જીવતો હોય તેવી સ્થિતિમાં હોવાનું જણાય છે?
- શું વ્યક્તિ હરવા-ફરવાની સ્વતંત્રતા ધરાવે છે? શું વ્યક્તિ જ્યાં જીવે છે ત્યાં મુક્તપણે રહી શકે છે? શું કોઈ ગેરવ્યાજબી સુરક્ષાના પગલાઓ જણાય છે?

BLUE CAMPAIGN
One Voice. One Mission. End Human Trafficking.™